# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **Morning : 7.45 to 7.55**

**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય હળદર બોર્ડ અને સમક્કા સરાક્કા કેન્દ્રિય આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાન-મધ્યપ્રદેશની મુલાકાતે - રાજસ્થાનમાં સાત હજાર કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકામોનો શિલાન્યાસ કરશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મહાસ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું..
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આજે 154મી જન્મ જયંતીની દેશભરમાં ઉજવણી થઈ રહી છે.
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે , 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા આધુનિક સાધનો સાથે મજબૂત સશસ્ત્ર દળોની આવશ્યકતા છે.
- એશિયાઇ રમતોત્સવમાં ભારતે 13 સુવર્ણ, 21 રજત અને 19 કાંસ્ય ચંદ્રકો સાથે અત્યાર સુધીમાં કુલ 53 ચંદ્રકો જીત્યા છે. .

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM TELANGANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય હળદર બોર્ડ અને સમક્કા સરાક્કા કેન્દ્રિય આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. તેલંગાણાના મહબૂબનગર ખાતે વિકાસલક્ષી પરિયોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસ પ્રસંગે સંબોધન કરતાં તેમણે કહ્યું કે , રાષ્ટ્રીય હળદર બોર્ડ હળદરની ખેતી કરતાં તમામ ખેડૂતોને મદદ કરશે. શ્રી મોદીએ ટ્રાઇબલ યુનિવર્સિટી માટે 900 કરોડ રૂપિયાની જાહેરાત પણ કરી હતી. પ્રધાનમંત્રીએ 13 હજાર 500 કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.

આ પરિયોજનાઓમાં રોડ અને રેલ, કુદરતી ગેસ , શિક્ષણ, આરોગ્ય, ઉર્જા અને વીજળીનો સમાવેશ થાય છે. આંતરમાળખાકીય વિકાસ આ પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિને વેગ આપશે તેમ જણાવતા શ્રી મોદીએ કહ્યું કે આ વિકાસલક્ષી પરિયોજનાઓ રોજગારીની તકો વધારશે અને લોકોનું જીવન સુધારશે. ખાદ્ય પ્રસંસ્કરણ મેગા પાર્કનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તે ખાસ કરીને હનુમકોંડા , વારંગલ, ખમ્મમ અને મહબૂબનગર જિલ્લાના લોકોને આનાથી ફાયદો થઈ રહ્યો છે. બાદમાં એક જાહેર સભાને સંબોધતા, શ્રી મોદીએ ખાતરી આપી કે કેન્દ્ર દ્વારા રાજ્યના ખેડૂતોને મદદ કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે , તેલંગાણામાં પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા 10 હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.

# PM--RAJASTHAN-MP-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ જે રાજસ્થાન- મધ્યપ્રદેશની મુલાકાત લેશે. રાજસ્થાનમાં પ્રધાનમંત્રી સાત હજાર કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકામોનો શિલાન્યાસ કરશે. તેઓ 4500 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી મહેસાણા- ભટીંડા- ગુરૂદાસપુલ ગેસ પાઇપલાઇનનું તથા આબુ રોડ ખાતે HPCL ના LPG પ્લાન્ટનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત શ્રી મોદી દારા- ઝાલાવાડ- તીનધર સેક્શન પર ચાર ધોરીમાર્ગનો પ્રારંભ કરાવશે. આ માર્ગથી કોટા- ઝાલાવાડ જીલ્લામાંથી ખાણ પેદાશોનું પરિવહન સરળ બનશે. આ ઉપરાંત તેઓ ચિત્તોડગઢ- નિમચ અને કોટા- ચિત્તોડગઢ ઇલેકટ્રીફાઇડ રેલ્વે લાઇનના બમણીકરણ કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. નાથદ્વારામાં વિકસિત પ્રવાસન સુવિધાઓનું ઉદઘાટન કરશે તથા કોટા ખાતે આઇઆઇટીના કાયમી કેમ્પસને ખુલ્લુ મુકશે.

મધ્યપ્રદેશમાં પ્રધાનમંત્રી ગ્વાલિયર ખાતે 19 હજાર 260 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાનો શિલાન્યાસ- લોકાર્પણ કરશે. તેઓ દિલ્હી- વડોદરા એક્સપ્રેસ હાઇવે રાષ્ટ્રને સમર્પિત કરશે તથા અન્ય પાંચ રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી PMAY- ગ્રામીણ યોજના અંતર્ગત 2.2 લાખ ઘરોમાં ગૃહપ્રવેશ કરાવશે તથા PMAY- અર્બન યોજના અંતર્ગત બનાવાયેલા આવાસોનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત શ્રી મોદી , ગ્વાલિયર શ્યોપુર જીલ્લામાં જળજીવન મિશન પ્રોજેક્ટનો, નવ આરોગ્ય કેન્દ્રોનો શિલાન્યાસ કરશે.

# NEW- DAY-SWACHHATA-EK-GHANTA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મહાસ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું.. સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ દેશભરમાં લગભગ સાત લાખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર દેશભરના લોકોએ મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. ગત મન કી બાત કાર્યક્રમમાં , પ્રધાનમંત્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાનના મહત્વ પર ભાર મૂક્યો હતો.. તમામ ક્ષેત્રના નાગરિકો, બજારો, રેલ્વે ટ્રેક, જળાશયો, પ્રવાસન સ્થળો અને પૂજા સ્થાનો સહિત જાહેર સ્થળોએ સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડા , કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ , ધર્મેન્દ્ર પ્રધાન, ડૉ. જિતેન્દ્ર સિંહ , હરદીપસિંહ પુરી, મીનાક્ષી લેખી અને રાજીવ ચંદ્રશેખર અને અન્ય નેતાઓએ પણ મેગા સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આ અભિયાનમાં દેશના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 6 લાખ 40 હજારથી વધુ સ્થળોએ શ્રમદાન કરવામાં આવ્યું હતું. આશરે એક લાખ રહેણાંક વિસ્તારોમાં રહેણાંક કલ્યાણ સમિતિઓએ શ્રમદાનમાં ભાગ લીધો હતો.. સામાન્ય લોકોની સાથે આર્મી , નેવી અને એરફોર્સ , નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ , સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને અન્ય વિભાગોના જવાનોએ પણ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો.

# Gandhi Jayanti - Shastriji

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આજે 154મી જન્મ જયંતીની દેશભરમાં ઉજવણી થઈ રહી છે. રાષ્ટ્રપતિ , ઉપ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી રાજઘાટ પર જઈ બાપુને શ્રધ્ધાંજલી પાઠવશે. આજના દિવસને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતી નિમીત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મહાશ્રમદાનો પ્રારંભ કરાવી જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તેમના વતન ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમઅને રાષ્ટ્રપિતાના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહા સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્યાગ્રહના માર્ગે દેશની સ્વતંત્રતા ચળવળને નવી રાહ ચીંધી આઝાદી અપાવી હતી.

આજે સ્વતંત્ર ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની પણ જન્મજયંતિ છે. શાસ્ત્રીજીએ 1965ના યુદ્ધમાં નિર્ણાયક ભૂમિકા ભજવી દેશને વિજય અપાવ્યો હતો. અને તેમણે જય જવાન, જય કિસાનનો નારો આપ્યો હતો..

# PRESIDENT- V P- GANDHI JAYANTI SUBHECHA

રાષ્ટ્રપતિ દ્રૌપદીમુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની ગઈકાલે પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. પોતાના સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે , મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના આદર્શો એવિશ્વ માટે એક નવો માર્ગ મોકળો કર્યો.

સુશ્રી મુર્મુએ વધુમાં કહ્યું કે , મહાત્મા ગાંધીએ તેમના સમગ્ર જીવન દરમિયાન માત્ર અહિંસા માટે જ લડ્યા ન હતા પરંતુ તેમણે સ્વચ્છતા , મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને ખેડૂતોના અધિકારો માટે પણ લડ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ ધનખડે જણાવ્યું હતું કે, બાપુની સ્વતંત્રતા અને સમાનતાના અવિરત પ્રયાસ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સમુદાય માટે દીવાદાંડી સમાન છે.

# SPECIAL-CAMPAIGN---SWACHHATA.rtf

સરકારી કચેરીઓમાં સ્વચ્છતાના અભિગમને ધ્યાને રાખી આજથી એક વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિથી શરૂ થયેલ આ અભિયાન 31મી ઓક્ટોબર સુધી ચાલશે. આ વિશેષ અભિયાન છેલ્લાં બે વર્ષથી સરકારી કચેરીઓમાં ચલાવાઈ રહ્યું છે. કર્મચારી મંત્રાલયના જણાવ્યા મુજબ છેલ્લાં બે વર્ષમાં ચાલેલા અભિયાન દરમિયાન લગભગ 90 લાખ ચોરસ ફૂટ જેટલી જગ્યા સાફ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ભંગારના નિકાલથી સરકારને 370 કરોડ રૂપિયાની વધારાની આવક થઈ છે.

# RAJNATH---ARMED-FORCES

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે , 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા આધુનિક સાધનો સાથે મજબૂત સશસ્ત્ર દળોની આવશ્યકતા છે. નવી દિલ્હીમાં ગઈકાલે સંરક્ષણ એકાઉન્ટ્સ વિભાગના 276મા વાર્ષિક દિવસની ઉજવણી કાર્યક્રમમાં બોલતા તેમણે આ મુજબ જણાવ્યું.. તેમણે કહ્યું કે , પ્રધાનમંત્રીના વિકસિત રાષ્ટ્રના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં સંરક્ષણ એકાઉન્ટ્સ વિભાગ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

આ પ્રસંગે તેમણે સંરક્ષણ ખાતા વિભાગની વિવિધ ડિજિટલ પહેલોનો પ્રારંભ કરાવ્યો.. આ પહેલોમાં , સંકલિત સંરક્ષણ ફાઇનાન્સ ડેશબોર્ડ- સારાંશ , બિલ, માહિતી અને કાર્ય વિશ્લેષણ સિસ્ટમ- BISWAS- અને ઇ-રક્ષા આવાસનો સમાવેશ થાય છે. આ પ્રસંગે, શ્રી સિંહે વિભાગના મહત્વપૂર્ણ પ્રોજેક્ટસના અમલીકરણમાં અનુકરણીય પહેલ પ્રદર્શિત કરવા બદલ પાંચ ટીમોને શ્રેષ્ઠતા માટે રક્ષા મંત્રી પુરસ્કાર 2023 પણ એનાયત કર્યા હતા..

# Manipur-MURDER-CASE.rtf

મણિપુરમાં બે નિર્દોષ વિદ્યાર્થીઓની ક્રૂર હત્યાના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે જુલાઈથી ગુમ થયેલા બે વિદ્યાર્થીઓ- ફિજામ હેમનજીત અને હિજામ લિન્થોઇંગ નબીની હત્યાના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા.

રાજ્યના મુખ્યમંત્રી એન. બીરેન સિંહે પત્રકારો સાથે વાતચિત કરતા આ મુજબ જણાવ્યુ હતું. તેમણે કહ્યું કે સીબીઆઈની એક વિશેષ ટીમે તમામ લોકોની ધરપકડ કરી છે અને વધુ તપાસ માટે તેઓને રાજ્યની બહાર રવાના કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ લોકોને અફવાઓ ન ફેલાવવા અપીલ કરી હતી. તેમણે વર્તમાન કટોકટી બહારના દેશોના જૂથોના સહયોગથી સર્જાઈ હોવાનો મત વ્યક્ત કર્યો હતો .

# CRPF and women & child ministry bike relly

કેન્દ્રિય અનામત પોલીસ દળ- CRPF મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સહયોગથી દેશની મહિલા શક્તિને બિરદાવવા CRPFની મહિલા બાઇકર્સના જૂથ યશસ્વિની સાથે બાઇક રેલી અભિયાનનું આયોજન કરશે.

આ રેલીમાં ત્રણ ટીમોની કુલ 150 મહિલા CRPF અધિકારીઓ મંગળવારે ક્રોસ-કંટ્રીમાં ભાગ લેશે. મંત્રાલયની યાદીમાં જણાવ્યા અનુસાર આ ટીમો શ્રીનગર , શિલોંગ અને કન્યાકુમારીથી તેમની યાત્રા શરૂ કરશે. તેઓ 31મી ઓક્ટોબરના રોજ યોજાનારી ગ્રાન્ડ ફિનાલે માટે ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મળશે. આ રેલી 15 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસાર થઈને લગભગ 10 હજાર કિલોમીટરનું અંતર કાપશે. પ્રવાસ દરમિયાન , CRPF મહિલા ટીમો શાળાના બાળકો , કોલેજની વિદ્યાર્થિનીઓ , મહિલા સ્વ-સહાય જૂથો , NCCના કેડેટ્સ અને આંગણવાડી કાર્યકરો સાથે વાર્તાલાપ કરશે.

# ASIAN-GAMES-UPDATE

ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં ભારતે 13 સુવર્ણ, 21 રજત અને 19 કાંસ્ય ચંદ્રકો સાથે અત્યાર સુધીમાં કુલ 53 ચંદ્રકો જીત્યા છે. અવિનાશ મુકુંદ સાબલે 3000 મીટર સ્ટીપલ ચેસમાં 8 મિનિટ 19.5 સેકન્ડના સમય સ્પર્ધા પૂરી કરી સુવર્ણ ચંદ્રક જીત્યો હતો હરમિલન બેન્સે મહિલાઓની 1500 મીટર દોડ સ્પર્ધા માં જ્યારે અજય કુમાર સરોજે પુરુષોની સ્પર્ધામાં રજત ચંદ્રક જીતયા છે. જિનસન જોન્સને આ જ સ્પર્ધામાં કાસ્ય ચંદ્રક જીત્યો છે.

મહિલાઓની હર્ડલ સ્પર્ધામાં જ્યોતિ યારાજીએ જ્યારે લાંબી કૂદમાં શ્રીશંકરે રજત ચંદ્રક જીત્યા છે. નંદિનીએ મહિલા હેપ્ટાથલોનમાં અને સીમા પુનિયાએ ડિસ્ક થ્રો માં કાસ્ય ચંદ્રક જીત્યા છે . મહિલા વ્યક્તિગત ગોલ્ફ સ્પર્ધામાં અદિતિ અશોકે રજત ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા ગોલ્ફરબની છે. પુરુષોની ગોળાફેંક સ્પર્ધામાં ભારતના તેજીન્દ્રપાલ સિંધ તોમરે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તોમરે 20.36 મીટર લાંબો થ્રો કર્યો હતો. પુરૂષોની 3 હજાર મીટર સ્ટીપચેસમાં અવિનાશ સબ્લેએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

ભારતીય નિશાનેબાજ કિનાન ચેનાઇ અને મુક્કેબાજ નિખત ઝરીને કાસ્ય ચંદ્રકો જીત્યા છે. અગાઉ, ચેનાઇ, જોરાવર સંધુ અને પૃથ્વીરાજની ટીમે 361 અંકો સાથે પુરૂષ ટીમ ટ્રેપ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. મહિલા ટ્રેપ ટીમ ઇવેન્ટમાં રાજેશ્વરી , મનીષા અને પ્રીતીની જોડીએ રજત જીત્યો.

આ સાથે ભારતના નિશાનેબાજી અભિયાન ગઈ કાલે  સમાપ્ત થયું છે. ભારતે નિશાનેબાજીમાં કુલ 22 ચંદ્રકો જીત્યા છે. નિખત ઝરીનનો મુક્કેબાજીની 50 કિલો વજનવર્ગની સેમીફાઇનલમાં પરાજય થતાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

# PM-ATHLETES.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1500 મીટર દોડ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતવા બદલ હરમિલન બેન્સ અને અજયકુમાર સરોજને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, ખેલાડીઓની શ્રેષ્ઠતા પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાએ ભારતીય એથ્લેટિક્સમાં ગૌરવશાળી અધ્યાય રહ્યો છે. તેમણે ઊંચા કૂદકાની સ્પર્ધામાં રજત ચંદ્રક જીતવા બદલ શ્રી શંકર મુરલીને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે ડિસ્ક થ્રો માં સીમા પુનિયા, હેપ્ટાથોનમાં નંદિની અગાસરા, 1500 મીટર દોડ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતનાર જિનસન જોહન્સનની પ્રશંસા કરી હતી. રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરે પણ ચંદ્રક વિજેતા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.